**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૨ ટકા

# કેનેડા મોકલવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી

## કેનેડાના વિઝા અને નાગરિકત્વ આપવાની લાલચ આપી કુડાસણ ખાતે ઓફિસ ખોલીને ગઠિયાએ પાંચ પટેલ પરિવારનું ફુલેકું ફેરવી નાખ્યું : ઓરીજનલ પાસપોર્ટ સાથે ગઠીયો રફુચક્કર થઇ ગયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ખાતે ઓફિસ ખોલીને પંજાબના એક ગઠિયાએ ગાંધીનગર અમદાવાદ વિસ્તારના પાંચ પટેલ પરિવારો પાસેથી તેમને કેનેડાના વિઝા અને નાગરિકત્વ અપાવવાની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લીધા હોવાની વિગતો બહાર આવવા પામી છે. મોટી મોટી ઓળખાણ આપી પટેલ પરિવારોને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી ૪૫ લાખથી વધુ રૂપિયા ઉઘરાવી લીધા બાદ ઓફિસને તાળાં મારીને આ ગઠીયો અરજદારોના ઓરીજીનલ પાસપોર્ટ સાથે રફુચક્કર થઈ ગયો હોવાની પોલીસ ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ મથકમાં નોંધાવા પામી છે. આ ગઠિયાએ અન્ય કેટલાય અરજદારોને વિઝાના બહાને છેતર્યા હોવાની વિગતો જાણવા મળી રહી છે જેને અંદાજે દોઢ કરોડથી ઉપરનું ફૂલેકું ફેરવી હોય તેવી ચર્ચાઓ છે. ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ માણસા તાલુકાના પરબતપુરા ગામના રાજેન્દ્રકુમાર ગોવિંદભાઈ પટેલ હાલ કુડાસણમાં અક્ષત હેવન એપાર્ટમેન્ટમાં રહે છે અને ત્યાં જ ભાડાથી ઈલેક્ટ્રીક એન્ડ હાર્ડવેરની દુકાન ચલાવે છે. તેમની બાજુમાં આવેલી રિયલ એસ્ટેટની દુકાનમાં અવારનવાર આવતા યશ અરોરાએ તેમની સાથે ઓળખાણ વધારી પોતે ખુબ વગદાર હોવાની છાપ ઉભી કરી






દીધી હતી. મુળ પંજાબના ગુરૂદાસપુરનો યશ અરોરા પાસે ત્યાં ૩૦ વિઘા જમીન હોવાનું તથા પિતા અમૃતસરમાં એપીએમસી ચેરમેન હોવાની વાતો કરતો હતો. તેણે પોતાના મામા વર્ષોથી કેનેડામાં રહેતા હોવાનું કોર્પોરેશન કંપનીમાં ૭૫૦ લોડેડ ટ્રકોના માલિક હોવાનું કહ્યું હતું. તેણે પોતે કેનેડામાં ૫૦ એકર જમીન, પેટ્રોલ સ્ટેશન અને મોલ પોતાના મામા સાથે ભાગીદારીમાં ખરીદ્યા હોવાનું કહ્યું હતું. મોટો બિઝનેશ હોવાથી કેનેડાની સરકારે તેને એક બિઝનેસમેન તરીકે સ્વિકારી તેને જોઈતા કારીગરો ઈન્ડિયાથી લાવવાની છૂટ આપી હોવાની વાતો કરી તેને લોકોને ભરમાવ્યા હતા. વાતોથી લલચાવ્યા બાદ તેણે ફેબ્રુઆરી-૨૦૧૯ સુધી ૨૫ કપલ લઈ જવાના છે અને તેમને તરત જ કેનેડાનું નાગરીકત્વ મળી જશે તેવી લોભામણી વાતો પણ યશે કરી હતી. યશની વાતોમાં આવી ગયેલા રાજેન્દ્રકુમારે સગા-સંબંધીઓને વાત કરતાં પાંચ પરિવારો જવા માટે તૈયાર થયા હતા. તેઓ કુડાસણમાં ઉગતી કોમ્પ્લેક્ષ ખાતે પાંચમા માળે આવેલી તેની યશ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસે ગયા હતા. જ્યાં આરોપીએ પોતાની ઓળખના પુરાવા રૂપે ડ્રાઈવિંગ લાયસન્સ અને પાસપોર્ટ બતાવ્યો હતો. પોતે પંજાબનો હોવાનું કહેતા યશના પાસપોર્ટમાં પર વિરલાનગર કર્ણાટકનું એડ્રેસ હતું. યશે ભોગ બનનારાઓને કહ્યું હતું કે, કેનેડામાં કાયમી સેટ કરવાના ૭૫ લાખ રૂપિયા લઉ છું જો કે તમે જાણીતા છો એટલે ૫૫ લાખ રૂપિયા લઈશ. તેણે ભોગ બનાનાર લોકોને ઓગસ્ટ-૨૦૧૮થી ફેબ્રુઆરી-૨૦૧૯ સુધી કપલ દીઠ ૫૫ લાખ રૂપિયા ભરવાનું કહ્યું હતું. જેનો વિશ્વાસ કરીને પાંચ પરિવારના ૧૭ સભ્યોના ઓરિજનલ પાસપોર્ટ અને કુલ ૪૫ લાખ રૂપિયા તેને આપ્યા હતા. ૫ જાન્યુઆરીના રોજ તે પોતે બે-ત્રણ દિવસ કેનેડા જતો હોવાથી ફોન બંધ આવશે તેવું કહીને જતો રહ્યો હતો. શંકા જતા ફરિયાદીએ તપાસ કરતાં તે ભાડાની દુકાન અને મકાન બંને ખાલી કરી જતો રહ્યો હતો. જે મુદ્દે એસપી કચેરીમાં અરજી કરતાં આખરે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાંચ પટેલ પરિવાર સાથે યશ અરોરાએ સે-૭, માણસા અને કુડાસણના ત્રણ પરિવારો અને તેમના સગાસંબધીઓ સાથે પણ ચિટિંગ કરી છે. જેને પગલે યશ આરોરાએ ૪૦ જેટલા લોકોને દોઢ કરોડથી વધુનો ચૂનો લગાડ્યો હોવાની ચર્ચાઓ છે. પોલીસે આરોપીના પાસપોર્ટ, ફોન નંબર અને ફરિયાદીએ લખાવેલી વિગતોને આધારે આરોપીને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## હવે, ગાંધીનગર સિવિલમાં સુપર સ્પેશીયાલીસ્ટ ડૉકટરો સેવાઓ આપશે

### જુદા જુદા રોગોના ડૉકટરો અઠવાડીયામાં ત્રણ દિવસ સેવાઓ આપવા આવશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવેથી વિવિધ રોગના સુપર સ્પેશીયાલીસ્ટ ડૉકટરો પોતાની સેવાઓ આપશે. આ ડૉકટરો એક અઠવાડિયામાં ત્રણ દિવસ ત્રણ ત્રણ કલાક ફરજ બજાવશે. જેથી નગરજનોને સિવિલમાં જ સુપર સ્પેશીયાલીસ્ટો સારવાર અને નિદાન આપશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી દર્દીઓનો ભારે ધસારો થઈ રહ્યો છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓ માટે અદ્યતન સેવાઓ આપવામાં આવી રહી છે. બીજી તરફ સુપર સ્પેશીયાલીસ્ટ ડૉકટરોની અછતની બુમો પડતી હતી ત્યારે રાજયના આરોગ્ય તંત્ર એ ગાંધીનગર સિવિલમાં વિઝીટીંગ સુપર સ્પેશીયાલીસ્ટની કરાર આધારિત જગ્યાઓ ભરવા નિર્ણય કર્યો છે. જેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે નેફ્રોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ, ન્યુરોફીઝીશીયન, ન્યૂરોસર્જન, પીડીયાટ્રીક સર્જન, પ્લાસ્ટીક સર્જન, ગેસ્ટોએન્ટ્રોલોજીસ્ટ સર્જન, ફીજીશીયન, ઈન્ટેન્સીવીસ્ટ, કાર્ડીયોલોજીસ્ટ, કર્લીનીકલ ઓન્કોલોજીસ્ટ, ઓન્કો સર્જન તથા હીમોટોઓન્કોલોજીસ્ટના વિઝીટીંગ સુપરસ્પેશીયાલીસ્ટ ડૉકટરો એક અઠવાડિયામાં ત્રણ દિવસ ત્રણ ત્રણ કલાક સેવાઓ આપશે. જેમને માનદ વેતન પણ આપવામાં આવશે. હવે ગાંધીનગરના નાગરિકોને શહેરની સિવિલ હોસ્પિટલમાં જ સુપર સ્પેશ્યાલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ થશે.

## વિકલાંગોને ઈલેકટ્રીક સ્કૂટર ખરીદી યોજના હેઠળ ૨૫ હજારની સહાય અપાશે

ગાંધીનગર, તા.૧૪

રાજયભરના વિકલાંગો માટે રાજય સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે રાજય સરકાર દ્વારા વિકલાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવાની યોજના હેઠળ સ્કૂટરની બેઝીક કિંમત તથા ડીસેબલ કીટના ૫૦ ટકા અથવા રૂ. ૨૫૦૦૦ની મર્યાદામાં સહાય કરવામાં આવશે.

વિકલાંગોને ઈલેકટ્રીક સ્કૂટર ખરીદવાની યોજના અંગે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજૂર રહેલી નવી બાબતની રૂ. ૧૨૫ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

ઈલેકટ્રીક સ્કૂટર ખરીદવાની યોજનામાં ૧૮ થી ૫૦ વર્ષ સુધીના વિકલાંગો લાભ લઈ શકશે. યોજનામાં ફકત અસ્થિ વિષયક વિકલાંગ સ્ત્રી અને પુરુષ બંનેને લાભ મળવા પાત્ર થશે. વિકલાંગો પાસે આર.ટી.ઓ માન્ય લાયસન્સ હોવું જરુરી છે. વિકલાંગ વ્યકિત સમાજ સુરક્ષા ખાતાનો વિકલાંગ ઓળખ કાર્ડ ધરાવતો હોવો જોઈએ તે પણ જરુરી છે.

## જલારામ સેવા સમાજ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓનો શુભકામના સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૭-૦૨-૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ધોરણ-૧૦ બોર્ડ તથા ધોરણ-૧૨ બોર્ડના સમાજના વિદ્યાર્થીઓનો શુભકામના સમારોહ યોજવામાં આવશે, જેમાં પૂ. શ્રી જલારામ બાપાના આશીર્વાદ પાઠવવામાં આવશે, તો સમાજના છાત્રોએ અવશ્ય ઉપસ્થિત રહેવા શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતીલાલ ઠકકરે જણાવ્યું છે.

## ગાંધીનગરના મનોજ શુકલનું રાજકોટ બેંકની વાંચન પરબમાં પ્રવચન

ગાંધીનગર, તા.૧૪

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા દર માસના ત્રીજા રવિવારે 'વાંચન પરબ'ના શિર્ષક તળે કોઈ એક પુસ્તક પર એક વકતાનું વકતવ્ય યોજવામાં આવે છે. આ પરંપરામાં વાંચન પરબમાં ૩૩માં મણકાનું



આયોજન આગામી તા. ૧૬મી ફેબ્રઆરીના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાગરિક બેંકના મુખ્યાલયમાં કરવામાં આવ્યું છે. આ મણકામાં ગાંધીનગરના જાણીતા વકતા મનોજ શુકલને સ્વ. શ્રી રસીક ઝવેરી ખ્યાતનામ અને લોકપ્રિય પુસ્તક 'અલગારી રખડપટ્ટી' પર પ્રવચન કરવા માટે નિમંત્રિત કરવામાં આવ્યા છે. આ પુસ્તકની ૧૩ આવૃત્તિ થઈ છે અને પ્રગટ થયાને ૪૦ વર્ષ વીતી ગયા પછી પણ તે વાચકોને સતત આકર્ષતું રહ્યું છે. આ શ્રેણીમાં ગુજરાતના તમામ જાણીતા લોકપ્રિય વકતાઓ પ્રવચન આપી ચૂકયા છે તે હરોળમાં ગાંધીનગરના મનોજ શુકલને સ્થાન મળ્યું છે.






સે-૨૮ જીઆઈડીસી સ્થિત પંજાબ હુન્ડાઈ દ્વારા વર્ષ ૨૦૧૮ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને સન્માનપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. પંજાબ હુન્ડાઈની ડિલરશીપને અગિયાર વર્ષ પૂર્ણ થતા આ તબક્કે કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. પંજાબ હુન્ડાઈના કર્મચારીઓએ આ પ્રસંગે હર્ષની લાગણી વ્યકત કરી હતી.

## રાજયની ટીમ હેલ્થમાં નવા ૧૪૬૬ સ્ટાફ નર્સોનો ઉમેરો

### દર્દીઓને સારી સારવાર થકી સ્ટાફ નર્સો રાજય સરકારની પ્રતિષ્ઠાના એમ્બેસેડર બને : નીતિનભાઈ પટેલ આગામી સમયમાં ૧૦૦૦ સ્ટાફ નર્સની ભરતી કરાશે

ગાંધીનગર, તા.૧૪

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આજે ગાંધીનગર ખાતે સ્ટાફ નર્સ કરીકે પસંદગી પામેલા ઉમેદવારોનો નિમણુંક આદેશપત્ર વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ૧૪૬૬ સ્ટાફ નર્સને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

નિમણૂંક આદેશપત્ર વિતરણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે છેવાડાના નાગરિકોને તાત્કાલિક તથા ઘર આંગણે જ સારવાર મળી રહે તે માટે રાજય સરકારે અનેક વિધ પ્રયાસો હાથ ધર્યા છે ત્યારે નવ નિયુકત સ્ટાફ નર્સો દર્દીઓને સારી સારવાર થકી રાજય સરકારની પ્રતિષ્ઠાના એમ્બેસેડર બની આગવી ભૂમિકા અદા કરે તે જરુરી છે. આરોગ્ય વિભાગ એ પ્રજાની સેવા કરવાનો પ્રજાલક્ષી વિભાગ છે. ત્યારે આપ સૌને દર્દીઓની સેવા કરવાની રાજય સરકારે જે તક આપી છે તેને સુપેરે નિષ્ઠાથી નિભાવીને સમાજમાં જેમ શિક્ષકોનું માન છે એ રીતે નર્સોનું પણ માન વધે તેવા પ્રયાસો કરશો તેમણે કહ્યું કે આગામી સમયમાં ૧૦૦૦ સ્ટાફ નર્સની નિમણુંક પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે સ્ટાફ નર્સ સમક્ષ માનવસેવાના અમૂલ્ય અવસરને પુરી નિષ્ઠાથી દર્દી તેમજ તેના પરિવારજનોની સાથે સંવેદનાથી સેવા કરવા ભાર મૂકયો હતો અને એ રીતે તમે ચોકકસ કામ કરશો તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે નવ નિયુકત સ્ટાફ નર્સને ટીમ હેલ્થમાં આવકારતા કહ્યું કે આપ સૌને પગારની સાથે સેવા કરવાનો અવસર રાજય સરકારે આપ્યો છે ત્યારે માનવ સેવાના આ યજ્ઞમાં આપ પુરેપુરી નિષ્ઠાથી અને સંવેદનાથી ફરજો અદા કરી સાચા અર્થમાં કર્મયોગી બનશો એવી અપીલ કરી હતી.

આરોગ્ય કમિશનર ડૉ. જયંતિ રવિએ નવ નિયુકત સ્ટાફ નર્સને આવકારતા કહ્યું કે રાજય સરકાર દ્વારા સૌ પ્રથમવાર આટલા મોટા પ્રમાણમાં ભરતી કરાય છે ત્યારે આપ પણ નાગરિકોની સેવા કરવામાં નિષ્ઠાથી આગળ વધશો.

૧૪૬૬ પસંદ પામેલ સ્ટાફ નર્સને નિમણુંક પત્રો એનાયત કરાયા હતા. સાથે સાથે રાજયમાં ૧૬૪૫ આરોગ્ય કેન્દ્રને હેલ્થ અને વેલનેસ સેન્ટર તરીકે અપગ્રેડ કરવાના છે તે પૈકી પસંદ થયેલ ૮૧૩ પેટા આરોગ્ય કેન્દ્રમાંથી ૪૦૨ કોમ્યુનિટી હેલ્થ ઓફિસરોને પણ નિમણુંક પત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, ડૉ. ગૌરવ દહિયા, સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને નિમણુંક મેળવનાર યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ બે દિવસીય શૈક્ષણિક મુલાકાતે જશે

ગાંધીનગર, તા.૧૪

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની આદિશ્વર કૉલેજ ઓફ ટેકનોલોજી – વિનસ, ગાંધીનગર દ્વારા મિકેનિકેલ અને ઑટોમોબાઈલ એન્જિનિરીંગ શાખાના વિદ્યાર્થીઓ માટે તા. ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બે દિવસીય શૈક્ષણિક મુલાકાતનું આયોજન અદાણી ફોઉન્ડેશન (ઉડાન પ્રોજેકટ અંતર્ગત) અદાણી પોર્ટ, મુન્દ્રા,અદાણી પાવર પ્લાન્ટ અને અદાણી વિલમાર ઓઈલ રિફાઈનરી ખાતે કરવામાં આવેલ છે. આ મુલાકાતમાં ૭૬ જેટલા વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપકો ભાગ લેશે.

કોલેજના પ્રિન્સિપાલ અજિત પુજારાએ જણાવ્યું હતું કે આ મુલાકાતનો મુખ્ય હેતુ, પોર્ટ પરની થતી રોજની કામગીરી, અલગ અલગ વસ્તુઓની આયાત અને નિકાસ, કસ્ટમ મંજૂરી, તેમાં ઉપયોગમાં લેવાતી અદ્યતન ટેક્નોલોજી, પાવર પ્લાન્ટ વિષે ની જરૂરી માહિતી, તેમજ વિવિધ પ્રકારના વિભાગોના અભ્યાસ કરવાનો અને વિદ્યાર્થીઓ કઈ રીતે પોતાના તકનીકી ભણતર ને વ્યવહારુ જીવનમાં સાંકળી શકે તે માટેનો છે. આ મુલાકાત પછી દરેક વિદ્યાર્થીએ પોતે શું નવું શીખ્યા, તેઓએ શું અવલોકન કર્યું તે અંગે નો એક વિસ્તૃત અહેવાલ પણ રજુ કરવાનો રહેશે.

## વેલેન્ટાઈન ડે : મોંઘેરા ગુલાબ બન્યા પ્રેમનું પ્રતિક

### ગુલાબના ભાવ આશરે ૧૦૦થી ૨૦૦ રૂપિયા રહ્યા






ગાંધીનગર, તા.૧૪

યુવા હૈયા વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવા માટે ઉત્સાહિત હોય છે જાણે કે કશુંક નવું કરીને પોતાના પ્રિય પાત્ર પ્રત્યે પ્રેમની અભિવ્યકિત કરવાનો આ દિવસ તેમને માટે ખાસ હોય છે. વેલેન્ટાઈન કાર્ડ, ગીફટ, ચોકલેટસની સાથે હજી પણ ગુલાબનું એટલું જ મહત્વ છે આથી પ્રેમના પ્રતીક સમા લાલ ગુલાબની આજે મોં માંગ્યા ભાવે ખરીદી પણ થાય છે. આજે ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડેના દિવસે શહેરના નગરજનોમાં પણ આ નિમિત્તે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુલાબના ભાવ દરરોજ કરતા વધુ રહેવા પામ્યા હતા. સામાન્ય દિવસોમાં ગુલાબનો ભાવ આશરે વીસથી પચ્ચીસ રૂપિયા હોય છે પરંતુ વેલેન્ટાઈન ડે નિમિત્તે સો થી બસ્સો રૂપિયા રહ્યો હતો. ગ્રાહકા આજે મોં માગ્યા ભાવે લાલ ગુલાબ ખરીદતા જોવા મળી રહ્યા હતા કેમ કે કહેવાય છે ને કે, લાગણીઓની કોઈ સીમા નથી હોતી...!!

## ગાંધીનગર પાસેથી પસાર થતી અલગ અલગ નર્મદાની કેનાલમાં છ ડુબ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાંથી પસાર થતી જુદી-જુદી નર્મદાની કેનાલમાં બે દિવસના ટૂંકા ગાળામાં છ જેટલા વ્યક્તિઓએ મોતની છલાંગ લગાવી છે. નભોઈ કેનાલમાં બે વ્યક્તિ, રાયપુર કેનાલમાં બે વ્યક્તિ, લીંબડીયા કેનાલમાં એક વ્યક્તિ, નર્મદા ઘાટ પાસે એક વ્યક્તિ એ અગમ્ય કારણોસર કેનાલમાં કૂદી મોતને વ્હાલુ કર્યું છે. છેલ્લા બે દિવસથી કુદી મરી જવાના કિસ્સા જોતા કેનાલ પર જાણે મોતનું ગ્રહણ લાગ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ તમામ કિસ્સામાં પોલીસ અને ફાયરબ્રિગેડ તમામ મૃતદેહની શોધખોળ કરી રહી છે.

ગાંધીનગર શહેરમાંથી પસાર થતી નર્મદા રાયપુર, લીંબડીયા, નભોઈ અને ભાટ કેનાલને જાણે મોતનું ગ્રહણ લાગી ગયું છે. છેલ્લા બે દિવસમાં આ કેનાલમાં જુદા જુદા સ્થળો પર છ વ્યક્તિઓએ કેનાલના પાણીમાં કૂદી આપઘાત કર્યો છે. આ તમામ વ્યક્તિઓએ કયા કારણોસર મોતની છલાંગ લગાવી છે તે એનું કારણ કોઈ પણ પ્રકારનું જાણવા મળ્યું નથી. ગતરોજ રાયપુર કેનાલમાં બે વ્યક્તિઓએ અગમ્ય કારણોસર મોતને વ્હાલું કર્યું હતું. જ્યારે આજે રાયપુર કેનાલમાં પણ બે વ્યક્તિઓએ કુદીને આપઘાત કર્યો હતો. જ્યારે વાત કેનાલ પાસે પણ પાણીમાં કૂદવાનો એક કિસ્સો સામે આવ્યો છે. બે દિવસમાં છ જેટલા વ્યક્તિઓના કેનાલમાં કુદવાના કિસ્સા સામે આવતા પોલીસ અને ફાયર બિગેડ પણ દોડતી થઈ ગઈ છે અને તમામ મૃતદેહ બહાર કાઢવા શોધખોળ ચાલી રહી છે. આ મામલે ઈનફોસીટી, ડભોડા, અડાલજ અને દહેગામ પોલીસ મથકમાં આ અંગે ફરિયાદ નોંધાઈ છે.

## વિશ્વકર્મા મંદિરનો ૧૭મીએ પાટોત્સવ

શ્રી વિશ્વકર્મા પ્રભુની વિશ્વકર્મા જયંતિની ઉજવણી તા. ૧૭મી ફેબ્રુઆરીએ વિશ્વકર્મા મંદિર સેકટર-૧૨માં યોજાશે. શનિવારે રાંદલમાના તેડાં યોજાશે. મુખ્ય યજમાનપદે કરમશીભાઈ ગજ્જર ઉપસ્થિત રહેશે. ૨૦ જેટલા દંપતી પુજા અર્ચના કરી ધન્યતા અનુભવશે. માણેકલાલ ગજ્જરના મુખ્ય પાટલા પર રાંદલમાને તેડવામાં આવશે. ૫૦૦ દિવડાની આરતી પણ કરાશે તેમ બાબુભાઈ સુથાર પ્રમુખ શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

## રવિવારે શ્રી માતાજીના જન્મદિને અરવિંદ કેન્દ્ર દ્વારા સંગીત-નૃત્ય કાર્યક્રમ

તા. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે શ્રી માતાજીના જન્મદિવસ નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્રના સાંસ્કૃતિક પ્રવૃત્તિના વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૭-૨-૨૦૧૯ એટલે કે રવિવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન નૃત્ય તથા સુગમ સંગીતનો કાર્યક્રમ સે-૨૩ ખાતે આવેલ કડી કેમ્પસના શ્રી ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે. સર્વે નગરજનોને તે લાભ લેવા અરવિંદ કેન્દ્રના ચેરમેન સી.કે. તન્નાએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ચૌધરી ગણેશભાઈ હેમાભાઈ, ઉ.વ. ૯૫
- સ્વ. ઠાકોર ભલાજી બેચરજી, ઉ.વ. ૬૨
- સ્વ. બિહોલા કેશરબેન લક્ષ્મણજી, ઉ.વ. ૭૯
- સ્વ. ઠાકોર કોકીલાબેન બાબુજી, ઉ.વ. ૧૭
- સ્વ. પંડયા મંજુલાબેન ચંદુભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. પ્રજાપતિ ધૂડાજી લુંબાજી, ઉ.વ. ૮૭
- સ્વ. શ્રીમાળી દિવાબેન પસાભાઈ, ઉ.વ. ૫૯
- સ્વ. પ્રજાપતિ તારાબેન જોઈતારામ, ઉ.વ. ૭૧
- સ્વ. સોની સતીશભાઈ બબલદાસ, ઉ.વ. ૬૫